મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

૨૯-૦૧-૨૦૨૫
બુધવાર

વર્ષ : ૧૦ ★ અંક નં : ૨૯૭
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com • • RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો એક આંગળીના ટેરવે
પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરો અને મેળવો તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં
Garvi Takat app

### સિસ્ટમનો હેતુ કર્મીની હાજરી અને શિસ્ત જાળવવાનો

# હવે સરકારી કર્મી ગુલ્લી નહીં મારી શકે : નવી ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમનો પહેલી ફેબ્રુઆરીથી અમલ : હાજરી સરળતાથી નોંધાશે

(ગરવી તાકાત) ગાંધીનગર,તા.૨૮

૧લી ફેબ્રુઆરી ૨૦૨૫થી ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમ (DAS) ને લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અધિકારીઓ અને કર્મચારીઓ તેમની જગ્યાએ હાજર રહેવામાં નિયમિતતા અને શિસ્ત જાળવે તે હેતુથી આ નવી સિસ્ટમ લાગુ કરવામાં આવી રહી છે.

અનિયમિત રહેતા કર્મચારીઓ અને અધિકારીઓ સામે સરકારે કડક પગલાં લેતી ભાષામાં ગુજરાત રાજ્યના સરકારી કચેરીઓમાં ૧લી ફેબ્રુઆરી ૨૦૨૫થી નવી ડિજિટલ એટેન્ડન્સ સિસ્ટમ (DAS) લાગુ કરવાની જાહેરાત કરી છે. આ સિસ્ટમનો મુખ્ય હેતુ સરકારી કાર્યલયોમાં અધિકારી અને કર્મચારીઓની હાજરીમાં નિયમિતતા લાવવાનો છે.

આ સીસીટીવી અને ફિંગરપ્રિન્ટના આધારે આધારિત સિસટમ ઈન્ટિગ્રેટેડ સિક્યુરિટી એક્સેસ એન્ડ મેન મેનેજમેન્ટ સિસ્ટમ (IWDMS)ના બિનઅસરકારક અમલ પછી વધુ કડક રીતે કામગીરી માટે અમલમાં મૂકવામાં આવી છે.

આ ડિજિટલ સિસ્ટમ પ્રત્યેક અધિકારી અને કર્મચારીની હાજરીનું ટ્રેકિંગ કરી શકે છે. તેમ છતાં વર્તમાન સમયમાં ચાલુ રહેતી હાજરી પ્રથા માટે પણ સમયમર્યાદા રાખી છે.

પ્રથમ તબક્કામાં, ૧લી ફેબ્રુઆરીથી ગાંધીનગરના સચિવાલય, જિલ્લા કલેક્ટર - જિલ્લા વિકાસ અધિકારીની કચેરી, કર્મયોગી ભવન અને ઉદ્યોગ ભવનમાં આ સિસ્ટમ લાગુ કરવામાં આવશે. ત્યારબાદ અનુક્રમણિકાઓ દ્વારા અન્ય રાજ્ય કચેરીઓમાં તેનો ધીમે ધીમે અમલ થશે.

આ સિસ્ટમથી કર્મચારીઓ અને અધિકારીઓની હાજરી સરળતાથી નોંધવામાં આવશે. ઓફિસની ચોક્કસ લાક્ષણિકતાઓ અને તેનાં વર્કિંગ એરીયામાં જે આધાર ઉપર હાજરીનો અંદાજ લગાવવામાં આવશે.

આ સિસ્ટમ કાર્યક્ષમ રિપોર્ટ તૈયાર કરી દેવાનો છે. મશીનિંગ, વેબકેમ તથા કમ્પ્યુટર જેવા સાધનોનો ઉપયોગ કરી આ સિસ્ટમ સંપૂર્ણપણે યથાવત રાખવા માટે તૈયારી કરવામાં આવી છે.

જો કર્મચારી પાસે સ્માર્ટફોન ન હોય તો, વેબકેમનો ઉપયોગ કરીને સાવચેતીપૂર્વક હાજરી નોંધાવી શકશે. આ માટે રાજ્ય સરકારે જરૂરી ટેકનિકલ સાધનોની ખરીદી માટે વિભાગોને નિર્દેશ આપ્યા છે.

**આ સિસ્ટમથી કર્મચારીઓ અને અધિકારીઓની હાજરી સરળતાથી નોંધવામાં આવશે. ઓફિસની ચોક્કસ લાક્ષણિકતાઓ અને તેનાં વર્કિંગ એરીયામાં જે આધાર ઉપર હાજરીનો અંદાજ લગાવવામાં આવશે**



### સવારે વૃદ્ધા પાણી ગરમ કરવા લાઈટર ચાલુ કરતાંની સાથે જ ધડામ કરીને બ્લાસ્ટ થયો હતો

# મહેસાણાના દેદિયાસણમાં પહેલી પરોઢે સ્ટવ ચાલુ કરતાં ભયાનક બ્લાસ્ટ થતાં ઘરવખરીનો સામાન અસ્તવ્યસ્ત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા નજીક આવેલા દેદીયાસણ ગામમાં આવેલા ઉંચીશેરી વિસ્તારમાં રહેતા ૭૦ વર્ષીય વૃદ્ધા નર્મદાબેન પટેલના મકાનના ભયાનક બ્લાસ્ટ થતાં ઘરમાં મોટું નુકસાન થવા પામ્યું છે. ત્યારે ઘર વખરીનો મોટા ભાગનો સમાન અસ્તવ્યસ્ત થઈ ગયો છે.

મળતી માહિતી પ્રમાણે ઘરમાં રાત્રે ગેસ લીકેજ થયો હતો.ત્યારબાદ આજે સવારે વૃદ્ધા પાણી ગરમ કરવા માટે લાઈટર ચાલુ કરતાની સાથે જ ધડામ કરીને મોટો બ્લાસ્ટ થયો હતો.બ્લાસ્ટ એટલો ભયાનક હતો કે મોટું નુકસાન થવા પામ્યું છે.





પ્રાથમિક માહિતી પ્રમાણે રાતના ૪ વાગ્યાના અરસામાં નર્મદાબહેન ઉઠીને ગેસ ચાલુ કરવા જતાં જ ઘરમાં ગેસ લીકેજના કારણે ભરાઈ ગયેલા ગેસમાં બ્લાસ્ટ થતાં ઘરના તમામ દરવાજાને મોટું નુકસાન થવા પામ્યું છે. ત્યારે પ્રથમ રૂમમાં લોખંડના દરવાજાના હડા પણ વળી ગયા હતા. અંદરના રૂમના દરવાજા, બાથરૂમના દરવાજા તૂટી બહાર પડ્યા હતા. ઘરમાં અંદરના રૂમમાં અને છેલ્લા રૂમમાં આવેલી લોખંડની તિજોરી પણ તૂટી તેના દરવાજા ઘરમાં દૂર ફાગોળાયા હતા.

ભયાનક બ્લાસ્ટમાં ઘરની છતને મોટું નુકસાન પહોંચ્યું છે, ત્યારે છેલ્લા રૂમમાં છત તૂટીને નીચે પડી હતી. સમગ્ર ઘટનામાં મકાનમાં લાગેલા પંખાના પાંખિયા વળી ગયા હતા .તો ઘરના પડદાં બળી ને ખાખ થઈ ગયા હતા.

ફાયર ઈન્સ્પેક્ટર હરેશ પટેલે જણાવ્યું હતું કે, મનપાના ફાયર વિભાગને ૪.૨૦એ આગનો કોલ મળ્યો હતો. તાત્કાલિક ટીમો ઘટનાસ્થળે જવા રવાના થઈ હતી, ત્યારે જાણવા મળ્યું કે મકાનમાં રાત્રે ગેસ લીકેજ થતાં બ્લાસ્ટ થયો છે. ત્યારે ફાયર વિભાગે આગ બુઝાવી હતી.

### રાધનુપર રોડ પર આવેલી હોસ્પિટલો તથા શો-રૂમમાં આવતા ગ્રાહકોને પાર્કિંગમાં પડતી મુશ્કેલી

# જનમંચ પ્રમુખ પાર્થ રાવલ દ્વારા મહેસાણા એરોડ્રામમાં નજીવા દરે પે પાર્કિંગની સુવિધા આપવા મનપા કમિશ્નરને રજુઆત

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા શહેરના રાધનપુર રોડ ઉપર ટ્રાફિકની સમસ્યાને લઈને મનપા દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી ચાલી રહી છે ત્યારે જનમંચ પ્રમુખ તથા કોંગ્રેસના અગ્રણી પાર્થ રાવલ દ્વારા વેપારીઓ તથા ગ્રાહકોને પોતાના વાહનો પાર્ક કરવા એરોડ્રામમાં નજીવા દરે પે પાર્કિંગ કરવા મનપાના કમિશ્નરને પત્ર લખી રજુઆત કરવામાં આવી છે.

જનમંચ પ્રમુખ તથા કોંગી આગેવાન પાર્થ રાવલે કમિશ્નર મહેસાણા મહાનગરપાલિકાને પત્ર લખી રાધનપુર રોડની ટ્રાફિકની સમસ્યાને લઈને દબાણો તો દુર કર્યા પણ રોડ ઉપર આવેલી હોસ્પિટલો તથા શોરૂમોમાં આવતા ગ્રાહકોને પાર્કીંગમાં પડતી મુશ્કેલીઓ વિષે માહિતી આપતો પત્ર લખ્યો કે પ્રજા ને મજબુરીમા વાહનો રોડ પર પાર્ક કરવા પડે છે કેમ કે એ રોડ પર એક પણ કોમ્પ્લેક્ષ મા પાર્કિંગ નથી જેથી પે પાર્કિંગ નો સુજાવ આપ્યો હતો.



એરોડ્રામ જે નગરપાલિકાના કરોડો રૂપિયાના દેવા નીચે છે. એરોડ્રામ ના ટેલ એન્ડ ના ભાગે નજીવા દરે પે પાર્કિંગ નિ સુવિધા ઉભી કરવા રજુઆત કરી હતી.

### દબાણ હટાવ ઝુંબેશથી શહેરના મુખ્ય માર્ગો વધુ પહોળા થશે જેનાથી ટ્રાફિક સમસ્યા હળવી બનશે

# મહેસાણા મહાનગરપાલિકા દ્વારા રાધનપુર રોડ ઉપર બીજા દિવસે 'દબાણ' હટાવોની કામગીરી યથાવત્

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ચલાવવામાં આવી રહેલી દબાણ હટાવ ઝુંબેશનો આજે બીજો દિવસ છે. આ ઝુંબેશ અંતર્ગત રાધનપુર રોડ પર વ્યાપક કાર્યવાહી કરવામાં આવી રહી છે. ગઈકાલે પ્રથમ દિવસે જ મહાનગરપાલિકાની ટીમે ૭૦થી વધુ નાના-મોટા દબાણો દૂર કર્યા હતા. આજે બીજા દિવસે પણ મોટી સંખ્યામાં દબાણો દૂર કરવાની કામગીરી ચાલુ છે. મહાનગરપાલિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ દબાણ હટાવ ઝુંબેશથી શહેરના મુખ્ય માર્ગો વધુ પહોળા થશે, જેનાથી ટ્રાફિકની સમસ્યા ઘટશે અને નાગરિકોને




અવરજવરમાં સરળતા રહેશે.

મહાનગરપાલિકાએ શહેરના વિકાસ અને સુવ્યવસ્થિત આયોજન માટે આ પગલું લીધું છે. અધિકારીઓએ જણાવ્યું કે આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આવી કામગીરી ચાલુ રહેશે, જેથી શહેરની સૌંદર્યતા અને વ્યવસ્થામાં સુધારો થઈ શકે.રાધનપુર રોડ પર સળંગ દુકાનો આગળના હંગામી અને કાયમી દબાણો દૂર કરવાની પહેલીવાર મનપા શાસનમાં મોટાપાયે શરૂઆત થતાં રસ્તામાંથી પસાર થતાં લોકોમાં હાશ હવે રસ્તો પહોળો થશે અને પાર્કિંગ રોડ પર કરવા નહીં પડે તેવી આશા જગવતા ઉદગારો સાંભળવા મળ્યા હતા.

### એલસીબી પીઆઈ જે.પી. સોલંકીના માર્ગદર્શન હેઠળ

# મહેસાણા પેરોલ ફર્લોએ પ્રોહિબીશન કેસમાં ફરાર આરોપીને ભટાસણ બસ સ્ટેન્ડથી દબોચી લીધો

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા જિલ્લા પોલીસની પેરોલ ફર્લો સ્કોડે એક મહત્વપૂર્ણ સફળતા હાંસલ કરી છે. નંદાસણ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન કેસમાં નાસતા ફરતા આરોપીને ભટાસણ બસ સ્ટેન્ડ પાસેથી ઝડપી પાડ્યો છે.

એલસીબી મહેસાણાના પોલીસ ઈન્સ્પેક્ટર જે.પી. સોલંકીના માર્ગદર્શન હેઠળ, પેરોલ ફર્લો સ્કોડના ઈન્ચાર્જ પીએસઆઈ એન.પી. પરમારની ટીમને મળેલી બાતમીના આધારે આ કામગીરી કરવામાં આવી હતી. સ્કોડના ASI નરેન્દ્રસિંહ અને HC રમેન્દ્રસિંહને મળેલી માહિતી મુજબ, આરોપી ભટાસણ બસ સ્ટેન્ડ વિસ્તારમાં હોવાની ચોક્કસ માહિતી મળી હતી.




પકડાયેલા આરોપીની ઓળખ સૈયદ ઈકબાલમિયાં ગોરામિયર્યા અકબરમીયાં (ઉંમર ૩૯) તરીકે થઈ છે, જે હાલમાં ભટાસણ મસ્જિદની સામે રહે છે અને મૂળ આલમપુર, તાલુકા જોટાણાનો રહેવાસી છે. આરોપી નંદાસણ પોલીસ સ્ટેશનના પ્રોહિબિશન એક્ટ કલમ ૬૫-એ,ઈ, ૧૧૬-બી, ૮૧,૮૩, ૯૮(૨) અને બીએનએસ-૨૦૨૩ની કલમ ૧૧૧(૩)(૪) હેઠળના કેસમાં ફરાર હતો.

પોલીસે આરોપીને ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ બપોરે ૪ વાગ્યે ઝડપી પાડ્યો અને સાંજે ૪:૩૦ વાગ્યે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૩૫(૧)(૬) મુજબ અટક કરી નંદાસણ પોલીસ સ્ટેશનને સોંપ્યો છે. આ સફળ કામગીરીથી જિલ્લા પોલીસની કાર્યક્ષમતા એક વધુ વખત સાબિત થઈ છે.




# પાકિસ્તાનમાં લઘુમતીઓની હાલત

તાજેતરમાં જ ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીએ એમ કહેવું પડ્યું કે પાકિસ્તાને પોતાને ત્યાં લઘુમતીઓ પ્રત્યે જવાબદારી નિભાવવી જોઇએ. તેમણે આ વાત પાકિસ્તાનના સિંધ પ્રાંતના સંઘારે જિલ્લાની હિંદુ વિધવા દયા ભીલની બર્બરતાથી કરાયેલી હત્યા બદલ કહી. દયા ભીલનું માથું તનથી જુદા કરીને તેના શબને ખરાબ રીતે ક્ષત-વિક્ષત કરી દેવાયું હતું. તેની સાથે દુષ્કર્મ કરાયા બાદ તેની ચામડી પણ ઉતારી લેવાઈ હતી. પાકિસ્તાનમાં હિંદુઓ સાથે એવો બર્બર વ્યવહાર કોઈ નવી વાત નથી. ત્યાં છાશવારે હિંદુઓ પર આ પ્રકારનો પ્રકોપ વરસાવવામાં આવે છે. આ પ્રકારની ઘટનાઓની પાકિસ્તાનનું રાષ્ટ્રીય મીડિયા ક્યારેક જ નોંધ લે છે. એ ત્યારે પણ મૌન ધારણ કરી રાખે છે, જ્યારે પીડિત-પ્રતાડિત હિંદુઓ ધરણાં-પ્રદર્શન કરે છે. મોટાભાગના મામલે હિંદુઓના ઉત્પીડન, અપહરણ, હત્યાના સમાચારો સ્થાનિક સ્તર પર પ્રચારિત-પ્રસારિત થઈને રહી જાય છે. પાકિસ્તાનમાં દરરોજ કોઈને કોઈ હિંદુ કે ઈસાઈ છોકરીનું અપહરણ કરીને તેના કોઈ મુસ્લિમ સાથે જબરદસ્તી નિકાહ કરાવી દેવાય છે, એવું જહાણું પ્રચારિત કરીને કે તેણે સ્વેચ્છાથી ઈસ્લામ સ્વીકારી લીધો છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા માધ્યમો અનુસાર પાકિસ્તાનમાં દર વર્ષે અલ્પસંખ્યક સમુદાયોની લગભગ એક હજાર છોકરીઓનું અપહરણ કરીને તેમના જબરદસ્તી નિકાહ કરાવી દેવાય છે. તેનો શિકાર મોટાભાગે હિંદુ છોકરીઓ બને છે અને મોટાભાગના મામલે નિકાહ તેમની સાથે જ થાય છે, જે આ છોકરીઓનું અપહરણ કરી લે છે. અપહરણ કરનારાઓનો સાથ મુલ્લા-મૌલવી, પોલીસ અને ન્યાયાધીશ એટલે કે આખું તંત્ર આપે છે. એવા જ એક કુખ્યાત મૌલવી મિયાં મીઠ્ઠુને હાલમાં જ બ્રિટન સરકારે પ્રતિબંધિત કર્યો છે. મિયાં મીઠ્ઠુ અત્યાર સુધી સેંકડો હિંદુ છોકરીઓને કથિત રીતે તેમની મરજીથી ઈસ્લામમાં દાખલ કરાવી ચૂક્યો છે. તે કેટલાય પક્ષો સાથે જોડાયેલો રહ્યો છે. પાકિસ્તાનના ગણ્યાગાંઠ્યા માનવાધિકાર કાર્યકર્તાઓ, પત્રકાર કે પછી યુટ્યૂબ પર સક્રિય એક્સ-મુસ્લિમ તેના વિરુદ્ધ કાર્યવાહી કરવાની માંગ કરતા રહે છે, પરંતુ એવું કશું થવાને બદલે તેને રાજકીય પક્ષોનું સંરક્ષણ જ મળી રહે છે. તેને કારણે બ્રિટને તેના પર પ્રતિબંધ લગાવ્યો હોવા છતાં પાકિસ્તાનમાં તેનો વાળ વાંકો થવાનો નથી.

પાકિસ્તાનમાં ૯૫ ટકા મુસ્લિમ છે અને બાકી પાંચ ટકા અન્ય સમુદાય. તેમાંથી સૌથી મોટો અલ્પસંખ્યક સમુદાય હિંદુ છે, પરંતુ કુલ જનસંખ્યામાં તેની ભાગીદારી લગભગ દોઢ ટકા બચી છે. મુસ્લિમ બહુલ પાકિસ્તાનમાં અલ્પસંખ્યકોને છળ-બળથી ઈસ્લામમાં વટલાવવાનો એવો સનેપાત સવાર છે કે તેમની છોકરીઓનું વયસ્ક થતા પહેલાં જ તેમનું અપહરણ કરી લેવામાં આવે છે. છોકરી ભલે ૧૩ વર્ષની હોય કે ૧૪ વર્ષની, થાણાં અને અદાલતો તેને ૧૮ વર્ષની સાબિત કરીને જ છોડે છે. પાકિસ્તાનમાં હિંદુ છોકરીઓની સ્થિતિ કંઈક એવી જ છે, જેવી એક સમયે ઈસ્લામિક સ્ટેટના વિસ્તારમાં યઝીદી મહિલાઓની હતી. વિભાજન સમયે પશ્ચિમી પાકિસ્તાન એટલે કે આજના પાકિસ્તાનમાં હિંદુઓની આબાદી લગભગ ૧૪ ટકા હતી. જે દરે તેમન આબાદી ઘટી છે, તેનાથી એ નક્કી છે કે આગામી કેટલાક દાયકામાં ત્યાં આંગળીના વેઢે ગણાય એટલા જ હિંદુ બચશે, એવી જ રીતે જેમ અફઘાનિસ્તાનમાં બચ્યા છે. તેનું મોટું કારણ અલ્પસંખ્યકો અને ખાસ કરીને હિંદુઓ પ્રત્યે પાકિસ્તાનના શાસન અને સમાજમાં વ્યાપ્ત ઘૃણા છે. તે એટલી હદે છે કે સ્કૂલનાં પુસ્તકોમાં તેમને હીન અને નાપાક ગણાવવામાં આવે છે. એ જ કારણે અલ્પસંખ્યકોને ઉત્પીડનથી બચાવનારા પ્રસ્તાવિત વિધેયક કાયદાનું રૂપ નથી લઈ શકતા. પાકિસ્તાનમાં અલ્પસંખ્યક ન માત્ર તિરસ્કારને કારણે હાંશિયામાં છે, બલ્કે તે કાનૂની રૂપે પણ બીજા દરજ્જાના નાગરિક છે. ત્યાં જ્યારે સફાઈકર્મીઓની ભરતી નીકળે છે તો એ સ્પષ્ટ લખેલું હોય છે કે ફક્ત હિંદુ અને ઈસાઈ જ આવેદન કરી શકે છે. પાકિસ્તાને અલ્પસંખ્યકોના દમન માટે કેટલીય રીતભાતો અપનાવેલી છે. તેમાં સૌથી ખતરનાક છે ઈશનિંદા કાયદો. કોઈના પર હુમલો કરવા, માર મારીને મારી નાખવા કે જેલમાં ધકેલી દેવા માટે એટલી અફવા જ પૂરતી હોય છે કે તેણે ઈશનિંદા કરી છે. ગત દિવસોમાં ત્યાં એક હિંદુ યુવક લવકુમારને એટલા માટે ઈશનિંદાનો આરોપ લગાવીને જેલમાં મોકલી દેવાયો, કારણકે તેણે એક ફેસબુક પોસ્ટમાં એમ લખી દીધું હતું કે જ્યારે હિંદુ છોકરીઓનું અપહરણ થાય છે તો ઉપરવાળો પીગળતો કેમ નથી? તેનો 'ગુના' એ ગણાવવામાં આવ્યો કે તેણે ઉપરવાળાની જગ્યાએ 'મૌલા' લખ્યું. જોકે સિંધમાં ઈશ્વર કે ભગવાનને મૌલાથી સંબોધિત કરવું સામાન્ય છે, પરંતુ લવકુમારનું કોઈએ સાંભળ્યું નહીં.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

**જિલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિ કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહી**

# સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી સંદર્ભે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા દ્વારાજાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

રાજ્ય ચુંટણી આયોગએ જાહેર કરેલ ચુંટણી કાર્યક્રમ મુજબ નગરપાલિકા ખેરાલુ, વડનગરની આગામી સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૫ અને ૨૬-મલેકપુર(ખે) જિલ્લા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણી તથા ૩-ડભોડા-૨, ૭-ડાલીસણા, ૧૦ કુડા જુથ, ૯-મોલીપુર, ૧૪-કુકરવાડા-૧, ૬ – જોટાણા -૨ , ૧૧-મરતોલી, ૩-અગોલ, ૨૨-નાનીકડી તાલુકા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણીઓ તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે.

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણા શ્રી જસવંત કે. જેગોડાએ મહેસાણા જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં (નગરપાલિકા ખેરાલુ, વડનગર અને ૨૬-મલેકપુર (ખે) જિલ્લા પંચાયત મતદાર મંડળ તથા ૬-ડભોડા-૨, ૭-ડાલીસણા, ૧૦-કુડા જુથ, ૯-મોલીપુર, ૧૪-કુકરવાડા-૧, ૬-જોટાણા-૨, ૧૧-મરતોલી, ૩-અગોલ, ૨૨-નાનીકડી તાલુકા પંચાયત મતદાર મંડળ) રસ્તામાં અથવા રસ્તા નજીક અથવા સાર્વજનિક કે ખાનગી જગ્યાઓમાં ચૂંટણી પ્રચાર કે અન્ય હેતું માટે જાહેરમાં લાઉડ સ્પીકર વગાડવા માટે આ મુજબના નિયમોનું પાલન કરવા હુકમ ફરમાવેલ છે.

(૧) કોઈપણ વ્યક્તિ કે સંસ્થા જાહેર કે ખાનગી જગ્યાઓમાં સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય જાહેરમાં લાઉડ સ્પીકર વગાડી શકશે નહી.

(૨) લાઉડ સ્પીકર વગાડવા સક્ષમ અધિકારીશ્રીની અગાઉથી લેખિત પરવાનગી મેળવીને લાઉડ સ્પીકર સવારના ૬-૦૦ કલાકથી રાત્રીના ૧૦-૦૦ કલાક સુધી જાહેર જનતાને ત્રાસ, જોખમ, ભય, અથવા નુકશાન ન થાય તેવી રીતે વગાડવાનું રહેશે. અને પરવાનગીની અન્ય અન્ય શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩) લાઉડ સ્પીકર વગાડવા પરવાનગી મળેલ હોય તેમ છતાં પરવાનગીના સ્થળ નજીક સરકારી કે અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક કે ધાર્મિક સંસ્થાઓ, સ્કૂલો કે દવાખાના આવેલ હોય તો આ કચેરીઓ/સંસ્થાઓની કામગીરીમાં કોઈપણ દખલગીરી ન થાય તેવી રીતે તદ્દન ધીમા અવાજથી વગાડવાનું રહેશે.


આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર અથવા તેમાં મદદગારી કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ-૧૯૫૧ અન્વયે તેમજ ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે લાઉડ સ્પીકરના ઉપયોગ અંગે ચૂંટણી આયોગની સુચનાઓના ઉલ્લંઘન બદલની શિક્ષાને પાત્ર થશે.આ જાહેરનામું ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા.૨૧/૦૨/૨૦૨૫ ૨૪:૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે એમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણાશ્રી જસવંત કે. જેગોડાએ ફરમાવેલ છે.

# શેઠ એમ. એન. હાઈસ્કૂલ પાટણ ખાતે ૭૬માં પ્રજાસત્તાક દિનની શાનદાર ઉજવણી કરાઈ

**જો સ્વદેશીને પ્રોત્સાહન આપીશું તો બેરોજગારી ઘટશે, આપણા દેશનું આર્થિક સશક્તિકરણ થશે અને ભારતને વિશ્વગુરુ બનતા કોઈ રોકી શકશે નહીં : ડાૅ. ધનરાજ ઠક્કર**

(ગરવી તાકાત) પાટણ તા.૨૮

ઉત્તર ગુજરાત યુવક મંડળ સંચાલિત શેઠ એમ એન હાઈસ્કુલ, પાટણમાં આપણા દેશનો રાષ્ટ્રીયપર્વ ૭૬માં પ્રજાસત્તાક દિન ની ભવ્ય ઉજવણી કરવામાં આવી. જેમાં શાળાના આચાર્ય, શિક્ષકો વિધાર્થીઓ, દ્રઝ્ઝ કેડેટ્સ વગેરે મોટી સંખ્યા મા ઉપસ્થિત રહ્યા હતા. શાળામાં વિદ્યાર્થીઓએ રાષ્ટ્ર પ્રેમ ને ઉજાગર કરતા વિવિધ કાર્યક્રમો જેવા કે ધ્વજવંદન,સમૂહ રાષ્ટ્રગાન,વિશેષ વક્તવ્યો, રંગોળી સજાવટ વગેરેમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



કાર્યક્રમની શરૂઆત દ્રઝ્ઝ કેડેટસ દ્વારા પરેડ યોજવામાં આવી જેનું નેતૃત્વ કેડેટ ઓફિસર શ્રી વિરમજી ઠાકોર અને ડૉ. ગાયત્રીબેન રાવલે કર્યું હતું , ત્યારબાદ શાળાની પ્રણાલી પ્રમાણે સાંસ્કૃતિક પરિધાનમા સજ્જ શાળાના આચાર્યશ્રી ડૉ. ધનરાજ ભાઈ ઠક્કર દ્વારા ધ્વજ ફરકાવી ધ્વજવંદનને રાષ્ટ્રગાન સાથે સલામી આપવામા આવી.

શાળાના સારથિ એવા આચાર્ય શ્રી ડૉ. ધનરાજભાઈ ઠકકરે તમામ શાળા પરિવારને ઉદબોધન કર્યું, તેમણે સૌ પ્રથમ દેશની આઝાદીના પાયામાં જેમનું બલિદાન છે તેવા વીર સપૂતો અને દેશના બંધારણના ઘડવૈયાઓનું સ્મરણ વંદના કરીને ૭૬મા પ્રજાસત્તાક પર્વ નિમિત્તે સૌને પ્રજાસત્તાક પર્વની શુભકામનાઓ પાઠવી.

આઝાદી માટે પોતાના પ્રાણ દીધા, અને આ આઝાદી મેળવી, એવા વીરોને નમન કરવા માં, હૂં આજે ગર્વ નો અનુભવ કરું છૂ. કોઈ માતાનો પુત્ર કોઈ બેન નો ભાઈ અને કોઈ પત્ની નો સુહાગ, આ આગ માં આહુતિ ની જેમ ભસ્મ થઈ ગયા, કારણ કે એમનું સ્વપ્ન હતું કે આ મારું ભારત આઝાદ થાય.

વર્ષોની ગુલામી પછી આપણો દેશ આઝાદ થયો . ૨૬ જાન્યુઆરી ૧૯૫૦ ના દિવસથી આપણા બંધારણનો અમલ થયો. અને આપણું રાષ્ટ્ર પ્રજાસત્તાક રાષ્ટ્ર બન્યું . સૌ ભારતીયો માટે આજનો દિવસ આનંદ અને ગૌરવનો દિવસ છે . આપણો દેશ યુવાઓ નો દેશ છે...

આપણો દેશ જયારે ૭૬મો પ્રજાસત્તાક દિન ઉજવી રહ્યો છે ત્યારે ભારતની યુવા શક્તિ પણ તેના સામર્થ્ય બળ વડે દેશને રક્ષણ આપવા માટે ક્ષમતાવાન છે. ભારતની ભવ્યતા અને દિવ્યતાનું જતન કરનારા જન-જનને આજના પાવન દિવસે સલામ..... કોટિ કોટિ વંદન...

આપણો દેશ વિશ્વગુરુ બનવા જઈ રહ્યો છે ત્યારે આપણા સૌ ની પણ જવાબદારી છે કે, આ વિશ્વગુરુ બનવાના યજ્ઞ માં આપણે સૌએ પણ હકારાત્મક સ્વ.સંકલ્પો અને સ્વ. કાર્યો થકી યથકિંચિત્ આહુતિ આપવી જોઈએ. તેમણે આત્મનિર્ભર ભારતની દિશામાં આગળ વધવા માટે દેશભક્તિ અને સ્વદેશી ચળવળને પ્રોત્સાહન આપવાનું આહવાન કર્યું.

તેમણે સ્વદેશી વસ્તુઓ અપનાવવાના ફાયદા સમજાવતા કહ્યું કે, "જો આપણે સ્વદેશી ઉદ્યોગોને સમર્થન આપીએ તો બેરોજગારી ઘટશે, આપણા દેશનું આર્થિક સશક્તિકરણ થશે અને ભારતને વિશ્વગુરુ બનતા કોઈ રોકી શકશે નહીં.

આજના દિવસે આપણે સૌ નાના મોટા સંકલ્પો લઈએ કે, હું કચરો ગમે ત્યાં નહિ ફેકુ, ભ્રષ્ટાચાર કરીશ નહિ , લાંચ આપીશ નહિ કે લઈશ પણ નહિ, પાણી નો યોગ્ય રીતે ઉપયોગ કરીશ, વગેરે.... આવો, દેશની એકતા અને અખંડિતતા માટે ×એક ભારત, શ્રેષ્ઠ ભારત× અને વિકસિત ભારતનું સ્વપ્ન સાકાર કરીએ....

સમગ્ર શાળા પરિવાર,દ્રઝ્ઝ કેડેટ્સ, તેમજ વિદ્યાર્થી મિત્રો એ રાષ્ટ્રપ્રેમ ના જયનાદ સાથે ગણતંત્ર દિવસ ની ઉજવણી કરી.

સ્વતંત્રતા પર્વનો દિવસ અવિસ્મરણીય, વિશિષ્ટ અને વિરાટ બની રહ્યો.

કાર્યક્રમ ના અંતે દરેક નું મો મીઠું કરાવીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું...

**હવે આધારની જેમ ડ્રાઈવિંગ લાઈસન્સમાં પણ સરનામું અપડેટ કરવું ફરજિયાત**

# યુનિયન રોડ ટ્રાન્સપોર્ટ સેક્રેટરી ઉમાશંકરે કહ્યું કે, ડ્રાઈવિંગ લાઈસન્સ અને આરસી બુકમાં એડ્રેસ આધાર કાર્ડ મુજબ જ હોવું જોઈએ

નવી દિલ્હી : માર્ગ પરિવહન મંત્રાલય એક નવો નિયમ લાવવાનું વિચારી રહી છે, જેનાં હેઠળ વાહન માલિકો અને ડ્રાઈવિંગ લાઈસન્સ ધારકોને તેનું સરનામું , મોબાઈલ ફોન નંબર અને અન્ય વિગતોને આધાર કાર્ડ મુજબ અપડેટ કરવાનું ફરજિયાત બનાવવામાં આવશે. આ પગલાનો હેતુ ગુનેગારને કાબૂમાં રાખવાનો છે જે નિર્ભયથી ફરતાં હોય છે અને દંડ પણ ભરતાં નથી.




સૂત્રોએ જણાવ્યું હતું કે, મંત્રાલય તેને મોટર વાહન એક્ટમાં સૂચિત સુધારાઓનો એક ભાગ બનાવવાનું વિચારી રહ્યું છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે, 'નિયમોનું ઉલ્લંઘન કરનારા લોકો, ખાસ કરીને વારંવાર ઉલ્લંઘન કરતાં લોકો પર નજર રાખવા માટે કેટલીક પદ્ધતિઓની જરૂર હોય છે.

મોબાઈલ નંબરો બદલવા અને નવાં ડીએલની અરજી કરવી એ દંડ ભરવાથી બચવાનો સૌથી સહેલો રસ્તો છે.'

તાજેતરમાં, યુનિયન રોડ ટ્રાન્સપોર્ટ સેક્રેટરી વી. ઉમાશંકરે, માર્ગ સલામતી અંગેની એક પરિષદમાં કહ્યું કે, ×જારી કરાયેલા રૂ. ૧૨૦૦૦ કરોડથી વધુના ઈ-ચલાનની ચૂકવણી કરવામાં આવી નથી જેનું મુખ્ય કારણ ડેટાનો અભાવ છે અને જે ડેટા ઉપલબ્ધ હોય છે તે જુનો હોય છે જેથી ઈ ચાલાનથી લોકો બચી જાય છે. તેમણે કહ્યું કે, વાહન ડેટાબેસ પર કેટલાક ડીએલ અને આરસી અનુક્રમે ૧૯૬૦ અને ૭૦ ના દાયકામાં અને ૧૯૮૦ અને ૯૦ ના દાયકાની હોઈ શકે છે.

જૂના ડેટાબેઝમાં મોબાઈલ અને આધાર નંબરો હોતાં નથી.ઉમાશંકરે કહ્યું કે 'કદાચ સરનામું સમાન ન હોય, જેનો અર્થ છે કે આપણે અમુક મુદ્દાઓ વિશે વિચારવું પડશે, જ્યાં વાહન માલિકો અથવા લાઈસન્સ ધારકો તેની વિગતોને અપડેટ કરવાની ફરજિયાત કરવી જરૂરી બને છે.'

તેમણે કહ્યું કે, આ એજન્સીઓને કોને અને ક્યાં સંપર્ક કરવો તે જાણવામાં મદદ કરશે, અને જો ઈ-ચલાનની જો ચોક્કસ સમય પછી ચૂકવણી કરવામાં ન આવે, તો આરસી અથવા ડીએલ ધારકોને દંડ કરવા અને ડીએલ આરસીને રદ કરવામાં મદદ કરશે.

## વિજયનગરના સ્ટેટ રાજવી પરિવારના શ્રીમહારાવશ્રી હર્ષવર્ધનસિંહજી દરબાર સાહેબનું નિધન

(ગરવી તાકાત) વિજયનગર તા.૨૮

વિજયનગર સ્ટેટના રાજવી પરિવારના નામદાર મહારાજા ધીરાજ શ્રી મહારાવશ્રી હર્ષવર્ધનસિંહજી દરબાર સાહેબનું મંગળવારની વહેલી સવારે નિધન થતા સમગ્ર વિજયનગર પંથકમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી જયારે વિજયનગર શહેર શોકમય બનીગયું હતું મહારાવશ્રી દરબાર સાહેબની અંતિમ યાત્રા બપોરે



૩-૦૦ વાગ્યે શ્રીહમીર વિલાસ પેલેસ વિજયનગર થી વાજતે ગાજતે શબને પાલખી માં વિજયનગર રાજસ્મશાન ગૃહ છતરીયા લઈ જવાયી હતી વિજયનગર બજાર બપોરે ૨-૦૦ વાગે સ્વયંભૂ બંધ પાળી વેપારીઓ અને નગરજનો મોટી સંખ્યામાં અંતિમ યાત્રામાં જોડાયા હતા અને તેમની શબને વિધિસર અગ્નિદાહ આપવામાં આવ્યો હતો.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ (અ,લ,ઇ) :** વેપાર સંબંધી કાર્યો માટે યાત્રાથી ભાગ્યોદય પવિત્ર તીર્થસ્થાનોની યાત્રા કરશો,શુભ મંગળ પ્રસંગોમાં યાત્રા થશે.

**વૃષભ (બ,વ,ઉ) :** દામ્પત્ય જીવન સરસ રહેશે.આર્થિક સ્થિતિ સારી રહેવાનો યોગ છે તમારા કાર્યમાં સ્પષ્ટતાની કમીને કારણે તમે શંકાના વર્તુળમાં આવી શકો છો.

**મીથુન (ક,છ,ઘ) :** અહંકાર અને સ્વાભિમાનમાં તફાવત સમજો. વ્યવસાયમાં તનાવ સમાપ્ત થવાની શકયતા રહેશે.ખાનપાનની ગરબડીથી આરોગ્ય ખરાબ થઇ શકે છે.

**કર્ક (ડ,હ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**સિંહ (મ,ટ) :** પ્રયત્ન જરૂરી છે કાર્યની ગતિ ઉત્તમ રહેશે.ધન સંપત્તિના મામલા ઉકેલાશે.સંતો સાથે મુલાકાત થશે કુટુંબમાં માંગલિક કાર્યોની ચર્ચા થશે.

**કન્યા (પ,ઠ,ણ) :** વાહન ધ્યાનથી ચલાવવું, માતૃપક્ષ તરફથી આર્થિક ક્ષેત્રમાં મદદ થાય. રોકાણ વગેરેથી બચવું.

**તુલા (ર,ત) :** સંતાનના આરોગ્યમાં કમીનો યોગ બનશે. ભાગ્યવાદી વૃત્તિને કારણે સફળતા મળવામાં મુશ્કેલી આવી શકશે.

**વૃશ્ચિક (ન,ય) :** જુના સંબંધોમાં યશની વૃધ્ધિ થશે, જીવન સાથી સાથે વ્યવહારમાં અનુકૂળતા રહેશે. કુટુંબમાં વેપાર અથવા નોકરીને કારણે અસંતોષ રહી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :** વ્યાપારમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. આરોગ્યની ચિંતા રહેશે કાર્યોને સમય પર પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવો ,યાત્રા થઇ શકે છે.

**મકર (ખ,જ) :** આર્થિક સંતોષ રહેશે કામની ગતિ અનુકૂળ રહેશે. પરસ્પર સંબંધોને મહત્ત્વ આપવું, સંતાનના કાર્યોથી સમાજમાં તમારી પ્રતિષ્ઠા વધશે.

**કુંભ (ગ,શ,સ) :** વ્યાપાર સારો ચાલશે.સાહસનો લાભ મળશે. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે.સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દુર થશે.

**મીન (દ,ચ,ઝ,થ) :** નવી યોજનાની શરૂઆત થશે. કુટુંબની સાથે મનોરંજનનો અવસર. સ્વયંના પ્રયાસોથી જ સામાજિક સન્માન મેળવી શકશો.

## ફિલ્મી ગપશપ

**ઓ.ટી.ટી. ફિલ્મ અવલોકન**

# ખુબ જ મહત્વપૂર્ણ વિષય પર બનેલી નબળી ફિલ્મ એટલે 'હિસાબ બરાબર'

**આર.માધવનની પ્રશંસનીય અભિનય પણ...**

મુંબઈ : રોજબરોજનાં જીવનમાં અનેક મોરચે સંઘર્ષ કરતાં સામાન્ય માણસને પડતી મુશ્કેલીઓ અપાર છે. દરરોજ તે દસ રૂપિયા બચાવવાનો પ્રયત્ન કરે છે. જો આવાં સામાન્ય માણસનાં ખાતામાંથી કોઈ કારણ વગર ૨૭ રૂપિયા ૫૦ પૈસા કપાઈ જાય તો તેનાં માટે મૂંઝવણમાં મુકાઈ જવું સ્વાભાવિક છે.

દિગ્દર્શક અશ્વિની ધીરની 'હિસાબ બરાબર' એક સામાન્ય માણસની વાર્તા છે, રાધેના ખાતામાંથી થોડી રકમ કાપાઈ જાય છે, પરંતુ તે જ રકમને શોધવાનો પ્રયાસ કરતી વખતે રાધે બેંકનાં એક વિશાળ કૌભાંડનો પર્દાફાશ કરે છે. વાર્તા રાધે (આર માધવન) વિશે છે, જે રેલવે વિભાગમાં ટિકિટ ચેકર તરીકે પ્રમાણિક નોકરી કરે છે. રાધેની પત્ની તેને વર્ષો પહેલાં છોડી ગગઈ હોય છે અને રાધે તેનાં પ્રાથમિક શાળામાં ભણતાં પુત્રનો સિંગલ પેરન્ટ હોય છે.

રાધે, એક સજ્જન માણસ છે, તેની ગણતરીઓ પર ચોક્કસ હોય છે. તે તેની ગણતરીમાં એક રૂપિયાની ભૂલ પણ સહન કરી શકતો નથી. ગાણિતિક કોયડાઓ ઉકેલવાના શોખીન રાધે પોતાનાં ફાજલ સમયમાં રેલવે સ્ટેશન પર સીએ કોચિંગ ક્લાસ પણ લે છે. પરંતુ એક દિવસ જ્યારે તેને ખબર પડી કે તેનાં ખાતામાંથી સાડા સત્તાવીસ રૂપિયા ગાયબ છે ત્યારે તે બેંકમાં જઈને ફરિયાદ નોંધાવે છે. પરંતુ તેની ફરિયાદનાં બદલામાં, બેંકર્સ તેની ફરિયાદનું નિરાકરણ જ નહીં પરંતુ તેને ઈનામ તરીકે ટીવી પણ ભેટ આપે છે. રાધે બેંકમાં એવાં વધુ લોકોને મળે છે જેમનાં ખાતામાંથી નાની રકમ કપાઈ ગઈ હોય છે. રાધે જ્યારે તપાસમાં ઊંડો ઉતરે છે ત્યારે તેને ખબર પડે છે કે બેંકે તેનાં ચાર કરોડ ગ્રાહકો સાથે છેતરપિંડી કરીને એક મોટું કૌભાંડ આચર્યું હોય છે.

વાર્તાનો બીજો ટ્રેક પોલીસ ઓફિસર કીર્તિ કલ્હારીનો છે, જે સિસ્ટમમાં ખામીઓ હોવા છતાં રાધેને ટેકો આપવાનો પ્રયાસ કરે છે. તેમાં કોઈ શંકા નથી કે દિગ્દર્શક અશ્વિની ધીરે સામાન્ય માણસ અને તેની સાથે થતાં કૌભાંડો જેવાં સંબંધિત વિષયને રજૂ કર્યો છે, પરંતુ તે તેને દર્શકો સુધી વ્યવસ્થિત રીતે પહોંચાડવામાં ચૂકી જાય છે.

ઈન્ટરમિશન સુધી ફિલ્મ ખૂબ જ ધીમી ગતિએ આગળ વધે છે ઈન્ટરવલ પછી ગતિ પકડે છે, પરંતુ કહાની અલગ અલગ થવા લાગે છે. ફિલ્મનો બીજો નબળો મુદ્દો તેની ઢીલી પટકથા છે. કેટલાક દ્રશ્યો ચોક્કસ મનોરંજન આપે છે.

પરંતુ સામાન્ય માણસનું દુઃખ દર્શકોને સ્પર્શી શકતું નથી. ફિલ્મનો બેકગ્રાઉન્ડ સ્કોર પણ અસર કરવામાં નિષ્ફળ જાય છે. ફિલ્મની લંબાઈ પણ ખટકે છે. અભિનયની વાત કરીએ તો, આર માધવને ફિલ્મનું વજન પોતાનાં મજબૂત ખભા પર વહન કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કર્યો છે, પરંતુ તેમનું પાત્ર બહુપરિમાણીય બનવામાં નિષ્ફળ રહ્યું છે. કીર્તિ કુલ્હારી જેવી સક્ષમ અભિનેત્રીનું પાત્ર પણ યોગ્ય રીતે વિકસાવવામાં આવ્યું નથી.

**રાજકોટ અને ભાવનગર ડિવિઝનની સ્પેશિયલ ટ્રેનોમાં મોટું વેઈટીંગ : ટિકિટ કન્ફર્મ મળવાની કોઈ શકયતા નહીં, ખાનગી ટ્રાવેલ્સ સંચાલકોએ ભાવો બમણા કર્યા : સૌરાષ્ટ્રનાં મધ્યમ વર્ગનાં લોકોનું સ્વપ્ન રોળાયું**

# મહાકુંભ પ્રયાગરાજ કેમ પહોંચવું : મોટા ભાગની સ્પેશિયલ ટ્રેનો, ST નાં બુકિંગ ફૂલ : હવાઈ ભાડા આસમાને



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૮

પ્રયાગ રાજ તીર્થ ક્ષેત્રનાં સંગમ તટે ચાલી રહેલા મહાકુંભનાં મેળામાં દેશ-વિદેશોમાંથી શ્રધ્ધાળુઓનો લાખોની સંખ્યામાં પ્રવાહ ઉમટી રહ્યો છે ત્યારે રેલ-ટ્રેન- વિમાન સહિતના પરિવહનોમાં તમામ બુકિંગો ફુલ થઈ ગયા છે.

આ ઉપરાંત ખાનગી ટ્રાવેલ્સ ઓપરેટરો પણ વાહનો દોડાવી રહ્યા છે.તેમાં પણ બુકિંગ મેળવવું મુશ્કેલ બન્યું છે. પ્રયાગરાજ મહાકુંભ માટે રાજકોટ - ભાવનગર રેલવે ડિવિઝન દ્વારા સપ્તાહમાં બે દિવસ સ્પેશિયલ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે.

જે ટ્રેનોનાં એડવાન્સ બુકિંગોમાં ટ્રેનો હાઉસફુલ થઈ છે. સ્લીપરમાં ૧૫૦ ઉપર અને એસી.કોચમાં ૫૦ થી ૭૦ને પાર વેઈટીંગ પહોંચ્યુ છે. મહાકુંભ માટેની સ્પેશિયલ ટ્રેનોમાં તત્કાલ બુકિંગની કોઈ વ્યવસ્થા નહી હોવાથી પ્રવાસની અંતિમ ઘડી સુધી ટિકિટ કન્ફર્મ નહીં થતા અનેક શ્રધ્ધાળુઓ પરિવારજનો મુશ્કેલીમાં મુકાઈ રહ્યા છે.

ગુજરાત એસ.ટી.નિગમે અમદાવાદથી પ્રયાગરાજ માટે ડેઈલી એક વોલ્વો બસ શરૂ કરી છે. તે પણ ફુલ થઈ જતા રાજકોટ સહિતનાં સૌરાષ્ટ્રવાસી પ્રવાસીઓને ના છુટકે ખાનગી વાહનો અથવા પોતાના વાહનોમાં પ્રયાગરાજ જઈ રહ્યા છે.

રાજકોટ એરપોર્ટથી સીધી ફલાઈટ નહી હોવાથી અમદાવાદ એરપોર્ટથી ફલાઈટમાં બેસવું પડે છે. મુસાફરોનાં ધસારાને ધ્યાને લઈ એર લાઈન્સ કંપનીઓએ એરફેરનાં ભાવ આસમાને લઈ જતા સામાન્ય મધ્યમ વર્ગનાં પ્રવાસીઓને હવાઈ સેવા પરવડે તેમ નહીં હોવાથી ના છુટકે ટ્રેન-બસ અન્ય વાહનોનાં સહારે પ્રયાગરાજ પહોંચી રહ્યા છે.

પ્રયાગરાજ મહાકુંભ સંગમ તટના દર્શન સ્નાન માટે રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં પ્રવાસીઓમાં ઉત્સાહ - ઉમંગ પ્રર્વતી રહ્યો છે. પરંતુ પરિવહન સુવિધા અપુરતી હોવાથી મધ્યમ વર્ગના શ્રધ્ધાળુઓને ખાનગી વાહનોનો પ્રવાસન ખર્ચ પરવડે તેમ નહી હોવાથી મહાકુંભ જવાના સ્વપ્નો રોળાયા છે.

# બાનાખત પહેલા મિલ્કતની કુલ કિંમતના ૧૦ ટકાથી પણ વધુ રકમ ગ્રાહક પાસેથી વસૂલનાર બિલ્ડરને રૂ.૫૦ હજારનો દંડ ફટકારતું રેરા




અમદાવાદ,તા.૨૭

વડોદરા શહેરના ગોત્રી ખાતે મધુ'સ આઈકોન નામની સ્કીમ મૂકીને તેમાં ખરીદનાર ગ્રાહક પાસેથી મિલકતની કુલ કિંમતના ૧૦ ટકાથી વધુ રકમ વસૂલ કરી દેવાના કેસમાં ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી દ્વારા વડોદરાના પ્રહાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જવાબદારી ઠેરવીને ગ્રાહકનો રૂ. ૫૦ હજારનો દંડ ફટકારવાનો આદેશ કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, રેરા એક્ટની કલમ ૧૩(૧)ની જોગવાઈઓ બદલ બાનાખત કરી આપતા પહેલા દસ ટકાથી વધુ રકમ લઈ શકાતી નથી. તેમ છતાં ગ્રાહક પાસેથી વસૂલ કરવામાં આવતા રેરાએ ગંભીર નોંધ લઈને બિલ્ડરને દંડ ફટકાર્યો હતો.

કેસની વિગતો મુજબ વડોદરાના સુભાનરપુરા ખાતે સમૃધ્ધિ ટેનામેન્ટમાં રહેતા અને ડેન્ટલ ક્લિનીક ચલાવતા એકતા મૌલિક પંડ્યાએ ઉપરોક્ત સ્કીમમાં પોતાનું ક્લિનિક ચલાવવા માટે મિલકત બુક કરાવી હતી અને તેનું પેમેન્ટ આપ્યું હતું. આ સ્કીમમાં યુનિટ નંબર ૫૦૪ ની ખરીદવા પેટે ૭ ઓગષ્ટ, ૨૦૧૯ના રોજ બાનાખત કર્યો હતો.

જ્યારે ૨ નવેમ્બર, ૨૦૨૧ના રોજ રજીસ્ટર્ડ દસ્તાવેજ તેમના અને તેમના પતિ મૌલિક વિનાયક પંડ્યાના નામે કર્યો હતો. જો કે તેઓએ મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે, હકીકતમાં કબજો ૨૦ માર્ચ, ૨૦૨૦ના રોજ આપવાનો હતો પરંતુ બિલ્ડરે વિલંબથી કબજો આપીને રેરાની જોગવાઈઓનો ભંગ કર્યો હોવાથી તેઓને મિલકતની કિંતમ અને ચક્રવૃધ્ધિ વ્યાજ સહિત રૂ.૧,૦૮ કરોડનું રીફંડ આપવું જોઈએ.

અરજદાર દ્વારા વધુમાં રજૂઆત કરવામાં આવી હતી કે, તેમના યુનિટમાં હલકી ગુણવત્તાનો ડોર નાખ્યો છે. ડ્રેનેજનો કોમન લાઈન યોગ્ય આપેલી નથી. પાણી લિકેજ થવાથી તેમનું ઈન્ટીરીયર અને ફર્નિચર ખરાબ થઈ ગયું છે. દિવોલોમાં તિરાડો હોવાથી રૂ. ૧૫ લાખનું વળતર આપવું જોઈએ.

આથી રેરા દ્વારા બિલ્ડરને નોટીસ કાઢવામાં આવતા તેના તરફથી જવાબ રજૂ કરવામાં આવ્યો હતો કે અરજદારે આ જ પ્રકારની અરજી ગ્રાહક કોર્ટમાં કરી છે. તેમની રેપ્યુટેશન ખરાબ થાય તેવા બદનક્ષીભર્યા શબ્દોનો ઉપયોગ કરીને પૈસા પડાવવા માટે ફરિયાદ કરી છે. તેઓને વોટર પ્રુફીંગ કરી આપવામાં આવ્યું છે.

બન્ને પક્ષોની રજૂઆતો અને જવાબો ધ્યાનમાં લીધા બાદ એક બાબત સામે આવી હતી અને અરજદાર દ્વારા પણ તેનો ખુલાસો કરવામાં આવ્યો હતો કે,વેચાણ દસ્તાવેજ મુજબ યુનિટની કુલ કિંમત રૂ૩૦ લાખ જણાવી છે. પરંતુ બાનાખાત પહેલા નિયમ પ્રમાણે બિલ્ડર રૂ.૩ લાખ લઈ શકે પરંતુ તેણે રૂ. ૩.૧૮ લાખ વસૂલ કર્યા છે.

આથી રેરાની કલમ ૧૩(૧)નો ભંગ કર્યો છે.

આથી રૂ. ૧૮ હજાર વધુ સ્વિકારવા બાબતે પણ બિલ્ડરે ઈનકાર કર્યો નથી. આ બાબતે રેરાએ જણાવ્યું હતું કે, બિલ્ડર કાયદાનો ભંગ કરવા બદલ જવાબદાર છે.

બીજી બાજુ દસ્તાવેજ અને કબજો સમયસર આપવામાં બિલ્ડર દ્વારા કોઈ કસૂર કરવામાં આવ્યો નથી તેવું રેરાએ ઠરાવ્યું હતું. કારણ કે ૧ નવેમ્બર, ૨૦૨૧ના રોજ કબજો મેળવેલો હતો અને તે પછીને દિવસે દસ્તાવેજ કરાયો હતો. મિલકતની કબજા પાવતી ઉપર પણ ખરીદનારે સહિ કરી છે.

આમ ફરિયાદી મિલકતનો કબજો લેવા માટે ખુશી હોવાથી રિફંડનો આદેશ કરી શકાય નહી. ખુફર્નિચરમાં નુકસાનના વળતરની માગણી રેરાના એડજ્યુડીકેટીંગ ઓફિસર સમક્ષ કરવાની હોય છે. આથી તે દાદ હાલમાં સ્વિકારવા પાત્ર નથી.

# રાતોરાત કમાઈ લેવાની લ્હાયમાં ભોળી પ્રજા સાથે ચેડાં! પાટણના સિદ્ધપુર જીઆઈડીસી સ્થિત મેટ્રોલ ઓઈલ મિલમાંથી નકલી તેલનો જથ્થો ઝડપાયો




(ગરવી તાકાત) પાટણ તા.૨૮

પાટણના સિધ્ધપુર જીઆઈડીસીની મેટ્રો ઓઈલ મિલમાંથી લાખોની કિંમતનું શંકાસ્પદ તેલનો જથ્થો હાથ લાગ્યો છે. એસ.ઓ.જી અને ફૂડ વિભાગ દ્વારા સિદ્ધપુર GIDCમાં આવેલ ૧૩૩, ૧૩૪ અને ૧૩૫ નંબરના ગોડાઉનમાં તેલનું ભેળસેળ યુક્ત લાખોની કિંમતનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે.

પાટણના સિધ્ધપુર જીઆઈડીસીની મેટ્રો ઓઈલ મિલમાંથી લાખોની કિંમતનું શંકાસ્પદ તેલનો જથ્થો હાથ લાગ્યો છે. એસ.ઓ.જી અને ફૂડ વિભાગ દ્વારા સિદ્ધપુર GIDCમાં આવેલ ૧૩૩, ૧૩૪ અને ૧૩૫ નંબરના ગોડાઉનમાં તેલનું ભેળસેળ યુક્ત લાખોની કિંમતનો જથ્થો ઝડપી લેવામાં આવ્યો છે. ગોડાઉન નો સંચાલક ભરત મોદી નામનો શખ્સ સહિત અન્ય બે શખ્સોની અટકાયત કરી લેવામાં આવી છે.

પોલીસે ઘટના સ્થળેથી તેલની ૪ ટાંકીમાં ભરેલ ૧૦૫૦૦ લીટર તેલ સાથેજ ૧૫ લીટરના ૨૬૨ ડબ્બા, ૫ લીટરના ૩૧૨ કેન, ૨ લીટરના ૪૦૦ કેન, ૧ લીટરની ૪૧૬ બોટલ, ૫૦૦ml ની ૬૮૦ બોટલ તેમજ તેલમાં ભેળસેળ કરવા વપરાતા વિટામિન છ અને ઢ ભરેલી એલ્યુમિનિયમની બોટલો સહિતનો મોટો જથ્થો મળી કુલ રૂપિયા ૨૦.૩૧ લાખનો મુદ્દામાલ સીઝ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

તો આ ભેળ સેળ કરવાનું કેમિકલ ક્યાંથી લાવતા હતા, કોણ આપતું હતું. સહીતના અનેક સવાલો ઉભા થવા પામ્યા છે. સાથે જ આ શંકાસ્પદ તેલ તેનું કયાં કયાં વેચાણ કરવામાં આવતું હતું. તપાસ પોલીસે હાથ ધરી છે.

# મહાકુંભમાં ગુજરાતના સાધ્વી બન્યા પ્રથમ મહિલા મહામંડલેશ્વર



અમદાવાદ,તા.૨૮

હાલમાં પ્રયાગરાજમાં મહાકુંભ યોજાઈ રહ્યો છે, ૧૪૦ વર્ષ પછી મહાકુંભનો આ યોગ સંયોગ સર્જાયો હોવાથી દેશ-વિદેશમાંથી શ્રદ્ધાળુઓ ગંગા સ્નાન કરવા આવે છે. ત્યારે સાધ્વી ગીતા હરીને પ્રથમ મહામંડલેશ્વર બનાવવામાં આવ્યા છે.

સાધ્વી ગીતા હરી મૂળ ગુજરાતના છે. શ્રી પંચાયત નિર્મલ અખાડા દ્વારા તેમને મહામંડલેશ્વરનું પદ આપવામાં આવ્યું છે. સાધ્વી ગીતા હરી પ્રથમ મહિલા મહામંડલેશ્વર બનતાં તેમણે આભાર અને ખુશી વ્યક્ત કરી હતી.

આ અખાડામાં પહેલાં કોઈ મહામંડલેશ્વર મહિલા સંત નહોતા, હું પ્રથમ મહિલા મહામંડલેશ્વર બની છું. શ્રી પંચાયત નિર્મલ અખાડા દ્વારા આ મહામંડલેશ્વરનું પદ આપ્યું છે, તેના માટે સૌ સંતોનો આભાર વ્યક્ત કરું છું.

મારા ગુરુજી જગતગુરુ અવિચલ દેવચાર્યજી મહારાજની કૃપા અને અખાડાના મહંત જ્ઞાનદેવસિંહજી મહારાજના આશીર્વાદથી આ બધું શક્ય બન્યું છે. ૨૬ જાન્યુઆરીએ પટ્ટાભિષેક યોજાયો હતો, આ મારા માટે યાદગાર અને ઐતિહાસિક દિવસ રહેશે.

હું અત્યારે જે માનવ સેવા કરી રહી છું, તે આગળ પણ કરતી રહીશ. મહામંડલેશ્વર બન્યા પછી મારી ભૂમિકા ઘણી બદલાઈ જશે. અખાડામાંથી મને જે પણ આદેશ મળશે તે પ્રમાણે દેશના હિત સાથે માનવ કલ્યાણ માટે કાર્ય કરીશ. મારા દેશ હિત સર્વોપરી છે.

# જયારે તમને લાગે કે આશાના બધા દરવાજા બંધ થઈ ગયા છે, ત્યારે પણ તમારા પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ.



યશપાલસિંહ ટી.વાઘેલા
દરબાર ગઢ થરા



આજે હવામાનની ગડમથલમાં ધરતીપુત્રોના જીવ તાળવે ચોંટયા છે ત્યારે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન થકી જોઈએ તો જીવનના સૌથી મુશ્કેલ પ્રતિકૂળ સંજોગોમાં પણ વ્યક્તિએ સતત પ્રયત્નો અને ધીરજ છોડવી જોઈએ નહીં.

પ્રયત્ન-તમે બધાએ સાંભળ્યું જ હશે કે-મોજાના ડરથી હોડી ઓળંગી શકતી નથી.જેઓ પ્રયત્ન કરેછે.તેઓ ક્યારેય હારતા નથી.જ્યારે તમને લાગેકેઆશાના બધા દરવાજા બંધ થઈ ગયા છે, ત્યારે પણ તમારા પ્રયત્નો ચાલુ રાખવા જોઈએ.

જેમ ક્યારેક તાળાની છેલ્લી ચાવી પણ તાળું ખોલે છે, તેવી જ રીતે છેલ્લી ક્ષણોમાં પણ પૂરા સમર્પણ સાથે કરેલા તમારા પ્રયત્નો ટેબલને ફેરવી શકે છે. ધીરજ- સંજોગો ગમે તેટલા મુશ્કેલ હોય, વ્યક્તિ ધન્ય છે. ધીરજ સાથે. ક્યારેય હાર ન માનો.જો પાનખરના રૂપમાં પ્રતિકૂળતાઓ તમને ચારેબાજુથી ઘેરી લે છે, તો ધીરજ રાખો! વમળો અને પક્ષીઓના કિલ કિલાટ સાથે એક નવું વસંત ચોક્કસપણે આવવાનું છે.ધીરજ પૂર્વક અને સતત પ્રયાસ કરો, જીવનના પરિણામો ચોક્કસપણે બદલાશે.

શિસ્તબદ્ધ જીવન હંમેશા આદર્શ જીવન છે. માતાપિતા દ્વારા ઠપકો આપેલો પુત્ર, શિક્ષક દ્વારા ઠપકો આપેલો શિષ્ય અને સુવર્ણકાર દ્વારા મારેલું સોનું હંમેશા ઘરેણાં બની જાય છે. હુમલાઓ પણ જીવનમાં સુધારનું કારણ બને છે.

પથ્થરોને મૂર્તિઓમાં રૂપાંતરિત કરી શકાતા નથી સિવાય કે તેને સારી રીતે હથોડી અને છીણી ન કરવા માં આવે.હજારો મારામારી પથ્થર ને પ્રતિમાનો આકાર આપે છે. એ જ રીતે વડીલોની માત્ર ઠપકો જીવનને શ્રેષ્ઠતા અને દિવ્યતા આપે છે.

જે જીવન પોતાના વડીલોને માન આપતા શીખે છે તે જ જીવન સમાજ સમક્ષ હંમેશા પૂજનીય અને અનુકરણીય બની શકે છે. જીવનમાં આપણા વડીલોની કડવી વાતો એ લીમડાના પાન જેવી છે, જે બેશક કડવા હશે પણ સ્વાસ્થ્ય માટે ઔષધ તરીકે કામ કરશે અથવા ઓછામાં ઓછું જીવન માટે ખૂબ જ ફાયદાકારક છે.જ્યાં પ્રેમ હોય ત્યાં ભગવાન પણ જીવના વશમાં થઈ જાય છે. પ્રેમમાં અદ્ભુત શક્તિ હોય છે. હોડીવાળાની સામે હોય, શબરીની સામે હોય,હનુમાનજીની સામે હોય ,સુગ્રીવની સામે હોય કે વિભીષણની સામે હોય, એ પ્રભુને કેટલી વાર પ્રેમના પ્રભાવ હેઠળ નમતા જોયા છે.
.

ભગવાન પ્રેમમાં નમી જાય છે. જે પ્રેમ ખુદ ઈશ્વરને ઝુકાવી શકે છે તે મનુષ્યને કેમ ન વાળી શકે? અલબત્ત તે માણસોને પણ વાળી શકે છે. પ્રેમમાં ઝૂકીને પ્રભુએ આપણને શીખવ્યું છે કે જો તમે સામેની વ્યક્તિ સાથે પ્રેમથી વર્તે તો તમે પણ તેના પર તમારું વર્ચ સ્વ સ્થાપિત કરો.

જો તમારે કોઈને જીતવું હોય તો પ્રેમથી જીતો. બળના ઉપયોગથી ફક્ત થોડા જ જીતી શકાય છે, પરંતુ દરેકને પ્રેમ દ્વારા જીતી શકાય છે. પ્રેમ એ મધ છે જે સંબંધોને મધુર બનાવે છે. મધુર સંબંધો કૌટુંબિક સુખને જન્મ આપે છે અને પારિવારિક સુખ એ સફળ અને સુખી જીવનનો પાયો છે.

સુખ અને દુઃખ જીવનના અભિન્ન અંગો છે. જીવનમાં સુખ અને દુઃખનું ચક્ર હંમેશા ચાલતું રહે છે. કેટલાક લોકો એવા હોય છે જેઓ સૌથી મોટી પ્રતિકૂળતાનો પણ સ્મિત સાથે સામનો કરે છે. કેટલાક લોકો એવા હોય છે જે માત્ર એક દુઃખથી એટલા ભાંગી પડે છે કે તેઓ આખી જીંદગી એ દુઃખમાંથી પોતાને મુક્ત કરી શકતા નથી. હંમેશા તેમના દુઃખને તેમની છાતીની નજીક રાખો

જીવનની વાસ્તવિકતા એ છે કે જે ભૂતકાળ છે તે ભૂતકાળ છે. હવે તેના વિશે કશું કરી શકાતું નથી પરંતુ એટલું ચોક્કસ છે કે આપણે તેને ભૂલીને આપણા ભવિષ્યને નવી દિશા આપવા વિશે વિચારી શકીએ છીએ.

જેમ સળગતી આગમાં વધુ છોકરીઓ ઉમેરવામાં આવે તો આગ આપોઆપ સળગવા લાગે છે. એવી જ રીતે દુઃખને વારંવાર યાદ કરવાથી દુઃખની જ્યોત પણ જીવનને વધુ સળગાવવા લાગે છે. દુઃખ હોય ત્યારે પણ દુઃખ ભૂલી જવું એ ખુશ રહેવાનો શ્રેષ્ઠ માર્ગ છે, જો આપણે આ કળા શીખીશું તો સુખી જીવન જીવી શકીશું.

તમારા જીવનને વેદ આધારિત બનાવીને જીવો, તેને ભેદભાવ કરીને નહીં. વેદ કહે છે કે બીજા સાથે ક્યારેય એવું વર્તન ન કરો જે તમને પોતાને ગમતું નથી. દરેકને પ્રેમ કરો અને દરેકને માન આપતા શીખો. બીજાઓ સાથે અયોગ્ય વર્તન કરતા પહેલા એ વિચારી લો કે આપણા વર્તનથી કોઈને દુઃખ ન પહોંચે.

ભગવાન શ્રી કૃષ્ણ. એક તરફ તેઓ વંશીધર છે અને બીજી બાજુ તેઓ ચક્રધાર છે,એકબાજુ તેઓ માખણ ચોરનારા છે અને બીજી બાજુ તેઓ બ્રહ્માંડને ખવડાવનારા છે. એક બાજુ તે બનવારી છે અને બીજી બાજુ તે ગિરધારી છે, એક બાજુ તે રાધા રમણ છે અને બીજી બાજુ તે રૂકમણીનું અપહરણ કરનાર છે. ક્યારેક શાંતિના દૂત છે,તો ક્યારેક ક્રાંતિના દૂત છે,તો ક્યારેક માતાનો પુત્ર છે. યશોદા અને ક્યારેક માતા દેવકીનો પુત્ર.ક્યારેક યુદ્ધના મેદાન માંથી ભાગી જવાની ક્રિયા,તો ક્યારેક હજાર માથાવાળા નાગના માથા પર નાચવાનું. નિર્ભયતાથી જીવન જીવવાનું નામ કૃષ્ણ છે. ભગવાન શ્રી કૃષ્ણએ જીવનને સંપૂર્ણ રીતે સ્વીકારવાનો પાઠ શીખવ્યો.શ્રી કૃષ્ણનું જીવન આપણને પરિસ્થિતિઓથી ભાગવાનું નહીં પરંતુ હિંમતભેર સામનો કરવાનું શીખવે છે. ભગવાન શ્રી કૃષ્ણ મહાન કર્મયોગી હતા, તેમણે અર્જુનને સમજાવ્યું કે હે અર્જુન! સંમત છુંકે કામ થોડું દુઃખદાયક છે પણ કામ કર્યા વિના સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. જો કોઈ ક્રિયાનો હેતુ શુદ્ધ અને શુભ હોય તો તે ક્રિયા સત્કર્મ બની જાય છે.

જો તમે એ પરમાત્માને તમારો આત્મા માનો છો તો એ ભગવાન દરેકમાં વસે છે. પોતાના ફાયદા માટે બીજાને ત્રાસ આપવો એ ભેદભાવની દ્રષ્ટિ છે અને સર્વ વ્યાપી હોવાની અનુભૂતિ એ વેદ દ્રષ્ટિ છે.

પ્રાર્થના કરતી વખતે ભગવાન મારી નજીક હોય છે અને પાપ કરતી વખતે ભગવાન દૂર હોય છે.કોણ છે તે જોવાની અનુભૂતિ એક અલગ જ દ્રષ્ટિ છે. વિભીષણનું જીવન વેદના માર્ગ પર છે અને રાવણનું જીવન ભેદભાવના માર્ગ પર છે. જે વેદના માર્ગે ચાલે છે તે ભગવાનને પ્રિય બને છે અને જે ભેદભાવના માર્ગે ચાલે છે તે પણ તેને અપ્રિય બને છે.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી હૃદયને હળવાશ આપવા પ્રયત્ન કરેલ છે.અસ્તુ

**અમે સેવા નહિ પ્રેમ કરીએ છીએ..... અન્યને સુખી કરશો, તો તમે પણ સુખી બનશો....નો જીવન મંત્ર**

# માતા-પિતાના પાંચમા સંતાન, એમ.એસ.સી. ગોલ્ડ મેડાલિસ્ટ, પ્રોફેસરની નોકરી છોડી છેલ્લા ૫૪ વર્ષથી કુષ્ઠરોગીઓની સેવાનો ભેખ ધારણ કરનાર નોખી માટીના માનવી એટલે સુરેશભાઇ સોની

(ગરવી તાકાત) હિંમતનગર તા.૨૮

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના રાજેન્દ્રનગર ખાતે સહયોગ કુષ્ઠયજ્ઞ સંસ્થામાં ૧૦૫૪ લોકો વસે છે. સમાજ પરિવાર દ્વારા તડછોડાયેલા કુષ્ઠ રોગી, મંદબુદ્ધિના લોકોનું આશ્રય સ્થાન એટલે સહયોગ સંસ્થા.

અમે સેવા નહિ પ્રેમ કરીએ છીએ..... આ સહયોગ સંસ્થાના સ્થાપક એટલે સુરેશભાઇ સોની. જેમણી સેવાને સન્માનિત કરવા માટે પ્રજાસત્તાક દિનની પૂર્વ સંધ્યાએ દેશના સર્વોચ્ચ સન્માન જાહેર થયા જેમાં એક નામ સામાજિક સેવક એવા સુરેશભાઈ સોની જેમણે પધ્મ શ્રી એવોર્ડ માટે પસંદગી કરાઈ છે. જેની જાણ થતા જ સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી છવાઈ છે.

હાલમાં સુરેશભાઇ સોનીની તબીયત નાદુરસ્ત છે ત્યારે તેમના ધર્મપત્નિ શ્રીમતિ ઇંદિરાબેન સોની જણાવે છે કે, ૧૯૬૬માં વડોદરામાં ઝુંપડપટ્ટીમાં કુષ્ટ રોગીઓની સેવા શરૂ કરી ૧૯૭૦માં શ્રમ મંદિરમાં જોડાયા હતા. ત્યાર બાદ તેઓ ૧૯૮૮માં વડોદરાથી સાબરકાંઠા જિલ્લામાં આવી પોતાના સેવા કાર્યોની શરૂઆત કરી પોતાની કર્મભૂમિ બનાવી છે.

હિંમતનગર નજીક આવેલા રાજેન્દ્રનગર પાસે ૩૧ એકર જમીન દાન આપનાર રામુભાઈ પટેલ અને નડીયાદના સંતરામ મહરાજના સહયોગ થી શરૂ કરાયેલ સેવા યજ્ઞ એટલે








સહયોગ કુષ્ઠયજ્ઞ સંસ્થા. આ સેવા યજ્ઞમાં તેમના પત્ની ઈન્દીરાબેન સોની પહેલા દિવસથી પડછાયાની જેમ જોડાયેલા છે. આજે સમાજ સેવાને ૫૪ વર્ષ જેટલો સમય થયો છે. હાલ સુરેશ સોની ૮૦ વર્ષની વય ધરાવે છે

સાબરકાંઠાના અલગ અલગ વિસ્તારમાંથી ૪૦૦ જેટલા આદિવાસી બાળકો આ સંસ્થામાં અભ્યાસ કરે છે. મંદબુદ્ધિના ૨૫૦ જેટલા ૧૮ વર્ષથી મોટી ઉમરના ભાઈઓને રાખવામાં આવે છે. તેમજ ૮ વરસથી મોટી ઉમરની ૧૮૬ દીકરીઓ અહી રહે છે. માનસિક બીમાર ભાઈઓ અને બહેનોને રાખીને દવા કરાવવામાં આવે છે સારા થાય છે ત્યારબાદ તેમને તેમના ઘરે મુકવામાં આવે છે. સુરેશભાઈએ ક્યારે પદ્મશ્રી મળે તેવી આશા રાખી નથી.સુરેશભાઈની તબિયત નાદુરસ્ત છે. છેલ્લા બે મહિનાથી જમવાનું બંધ છે. માત્ર લીક્વીડ પર હોવાને લઈને અશક્ત છે જેને લઈને બેડ રેસ્ટ પર છે. દવા ચાલી રહી છે. સુરેશભાઈ આ સંસ્થામાં પોતાના લોકો વચ્ચે મૃત્યુ ઈચ્છે છે માટે છેલ્લા છ માસ થી આ સંસ્થાની બહાર નિકળ્યા નથી.

સુરેશભાઇ વિશે જણાવતા તેમના પત્નિ ગૌરવભેર કહે છે કે, સુરેશભાઈ માતા-પિતાના પાંચમા સંતાન છે. તેમણે એમ.એસ.સી. ગોલ્ડ મેડાલિસ્ટ થઈ પ્રોફેસરની નોકરી શરૂ કરી હતી. પરંતુ બાળપણમાં પોતાના માતા-પિતા અને ગુરુ શ્રી જોષી સાહેબ દ્વારા મળેલા સંસ્કારો અને લોકસેવાની ભાવનાએ પ્રોફેસરની નોકરી છોડી સમાજ સેવાની શરૂઆત કરી હતી. ગાંધી વિચારોને વરેલા સુરેશભાઈએ ક્યારે પાછુ વળી જોયુ નથી. સત્કાર્યો માટે ક્યારે કોઈની સામે હાથ ફેલાવો પડ્યો નથી. દાનવીરો સામેથી દાન આપે છે. આ સંસ્થા માટે દાન આપનાર આ સેવામાં કોઈ ને કોઈ રીતે મદદ કરનાર સૌ મિત્રો, પરીજનો શુભ ચિંતકોનો તેઓ આજે ખુબ ખુબ આભાર માની રહ્યા છે.

સુરેશભાઈ સોનીને પદ્મશ્રી આપવાની જાહેરાત થયા સુરેશભાઈ અને તેમના પરીજનોએ રાષ્ટ્રપતિ અને કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો.

અત્યાર સુધીમાં આ સંસ્થાને અને સુરેશભાઈને તેમની સેવા બદલ રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના ૬૪ જેટલા એવોર્ડ મળ્યા છે. પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ શ્રી ડો. એ.પી.જે.અબ્દુલ કલામ અને વર્તમાન વડાપ્રધાન શ્રી મોદીના વરદ હસ્તે સન્માન સ્વીકારવાનો અવસર શ્રી સુરેશભાઈને સાંપડ્યો છે. ઢીંચણ સુધીનો સફેદ ચડ્ડો ઉપર સફેદ શર્ટ પગમાં સ્લિપર ચહેરા પર સ્મિત, સાદગી ,સેવા, સંયમ સમર્પણની મૂર્તિ સમા સુરેશભાઈ ખરેખર નોખી માટીના માનવી છે. જેમણે પોતાની સેવા થકી અનેક લોકોના જીવનમાં ઉજાશ પાથર્યો છે. જેમણે સ્વ જનો એ ધુતકાર્યા છે. તેમની સ્વથી વધુ સેવા કરનાર એટલે સુરેશભાઈ..... વંદન છે આ સેવાના ભેખધારી નોખી માટીના માનવીને જેમણે આપણા ઉમાશંકર જોષીની કાવ્ય પંક્તિઓને સાર્થક કરી છે.

"વ્યક્તિ મટીને બનું વિશ્વ માનવી, માથે ધરું ધૂળ વસુંધરાની"

**૩૬ વર્ષથી સાબરકાંઠાની ધરાને પોતાની કર્મભૂમિ બનાવી ૧૦૦૦ થી વધુ દર્દીઓની સેવા કરી રહ્યા છે**

**સમસ્ત બ્રહ્મ સમાજ કાંકરેજના પ્રથમ મહિલા પી.એસ.આઈ.ના હસ્તે**

## કાંકરેજના શિરવાડા ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિવસની ઉષ્માભેર ઉજવણી કરવામાં આવી

(ગરવી તાકાત) થરા તા.૨૮

આ પ્રસંગે શિરવાડા ગામના તથા સમસ્ત બ્રહ્મ સમાજ કાંકરેજ ના પ્રથમ મહિલા પી.એસ.આઈ શ્રી કુ.નીમાબેન .એસ .જોષી ના વરદ હસ્તે ધ્વજ વંદન કરી રાષ્ટ્રધ્વજને સલામી આપવામાં આવી.

જેમાં શાળાના શિક્ષકો તથા વિધાર્થીઓ ધ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું. આ રેલીમાં દેશભકિતનાં નારાઓ સાથે સમ્રગ ગામનું વાતાવરણ દેશભકિતમય બની ગયું હતું.

આ પ્રસંગે શિરવાડા ગામના બ્રહ્મ સમાજના પ્રથમ પુત્રી પી.એસ.આઈ કુ.નીમાબેન એસ .જોષીનું ભારતમાતાની ટ્રોફીથી વિશિષ્ઠ સન્માન કરવામાં આવ્યુ હતું.

શાળાના બાળકો ધ્વારા વિવિધ સાંકૃતિક કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા તથા ભાગ લીધેલ



વિધાર્થીઓને ગ્રામજનો ધ્વારા પ્રોસાહક ઈનામો આપવામાં આવ્યા હતા.આ પ્રસંગે ગામના સર્વે સામાજીક તથા રાજકિય આગેવાન,તેમજ માતાઓ બહેનો યુવા મિત્રો સર્વે ગ્રામજનો વિશાળ સંખ્યાઓ હાજર રહ્યા હતા.આચાર્ય એન આઈ ગજ્જર તથા વકીલ શિવશંકરભાઈ જોષી સ્ટાફ ગ્રામજનોની હાજરી માં આ કાર્યક્રમ ઉલ્લાસપૂર્ણ માહોલમાં શાંતિમય રીતે સંપન થયો હતો.

**કાલથી પાર્લામેન્ટ્રી બોર્ડ એક બાદ એક નગરપાલિકાઓના ઉમેદવારો નિશ્ચિત કરશે : જુનાગઢ મહાનગરપાલિકા અંગેનો રીપોર્ટ પણ કાલે મોવડી મંડળ સમક્ષ રજૂ થશે : તા.૩૧થી ફોર્મ ભરવા ધસારો**

## સ્થાનિક ચૂંટણી લડવા પણ ભાજપમાં જબરો ધસારો : ગાંધીનગર સુધી લોબીંગ શરૂ થયુ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૨૮

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ સંસ્થાઓની ચૂંટણીમાં ભાજપે સેન્સની પ્રક્રિયા પૂરી કર્યા બાદ હવે દાવેદારોના મુદ્દે આવતીકાલથી બે દિવસ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના આવાસે મળનારી ભાજપની પાર્લામેન્ટ્રી બોર્ડની બેઠકમાં નિર્ણય લેવાશે અને એક બાદ એક નગરપાલિકાઓ તેમજ મુખ્યત્વે જુનાગઢ મહાનગરપાલિકા અને અન્ય જે જિલ્લા પંચાયત તેમજ મહાનગરપાલિકા, ત્રણ તાલુકા પંચાયત સહિતની ખાલી બેઠકોની પેટા ચૂંટણીઓ યોજાવાની છે.

તે અંગેના ઉમેદવારોના નામ જે તે વિસ્તારના પ્રભારીઓને મોકલવાનું શરૂ કરવામાં આવશે અને તા. ૩૧



અને ૧ ફેબ્રુઆરીના ઉમેદવારીપત્રકો ભરાશે. ભાજપે આ માટે નિરીક્ષકોને છેલ્લા બે દિવસ તેમના વિસ્તારમાં કેમ્પ કરવા મોકલ્યા હતા.

જુનાગઢમાં પ્રદેશ નિરીક્ષક તરીકે સેન્સે લેનાર રાજકોટના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડ, કેબીનેટ મંત્રી ભાનુબેન બાબરીયા અને પૂર્વ મંત્રી જયંતિભાઈ કવાડીયા હવે આવતીકાલે ગાંધીનગરમાં તેમનો રીપોર્ટ આપશે.

આ જ રીતે રાજયભરમાંથી જયાં જયાં પ્રદેશ નિરીક્ષકો ગયા હતા તેઓ પોતાના રીપોર્ટ રજૂ કરશે. પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, સંગઠન મહામંત્રી રત્નાકર, પ્રદેશ મહામંત્રી રજની પટેલ ઉપરાંત અન્ય નેતાઓ જેમનો પાર્લામેન્ટ્રી બોર્ડમાં સમાવેશ કરાયો છે.

તેઓ આવતીકાલથી સાંજથી મુખ્યમંત્રી આવાસે પહોંચી જશે અને ઉમેદવારીની આખરી પસંદગી કરશે. સુત્રોના જણાવ્યા મુજબ ભાજપમાં ચૂંટણી લડવા માટે ઉમેદવારો છે. નિશ્ચિત જીતની સ્થિતિ હોવાથી સૌ કોઈને આ ચૂંટણીમાં પોતાને પક્ષની ટીકીટ મળે તે માટે લોબીંગ શરૂ કરાયું છે.

## સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી સંદર્ભે પ્રચાર માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ

રાજ્ય ચુંટણી આયોગએ જાહેર કરેલ ચુંટણી કાર્યક્રમ મુજબ નગરપાલિકા ખેરાલુ, વડનગરની આગામી સામાન્ય ચૂંટણીઓ-૨૦૨૫ અને ૨૬-મલેકપુર(ખે) જિલ્લા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણી તથા ૩-ડભોડા-૨, ૭-ડાલીસણા, ૧૦ કુડા જુથ, ૯-મોલીપુર, ૧૪-કુકરવાડા-૧, ૬ –જોટાણા -૨ , ૧૧-મરતોલી, ૩-અગોલ, ૨૨-નાનીકડી તાલુકા પંચાયત મતદાર મંડળ બેઠકની પેટા ચૂંટણીઓ તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ યોજાનાર છે. આ ચુંટણી દરમ્યાન પ્રચાર માટે ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો વિગેરેના મુદ્રણ અને પ્રકાશન માટે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૨૭(૪) ની જોગવાઈઓ લાગુ પડે છે. આ કલમ-૧૨૭(ક) ની જોગવાઈ, મુજબ કોઈપણ વ્યકિત જેના પર તેના મુદ્રક અને પ્રકાશકના નામ અને સરનામાં ન હોય તેવા ચૂંટણીને લગતા ચોપાનીયા કે ભીંતપત્રો વિગેરે છાપી કે પ્રસિધ્ધ કરી શકશે નહી, અથવા છપાવી કે પ્રસિધ્ધ કરાવી શકાશે નહીં. તેમજ પ્રકાશકની ઓળખ અંગેના એકરારની બે નકલ મુદ્રકને આપ્યા સિવાય કોઈપણ વ્યક્તિ ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીંતપત્રો કે અન્ય સામગ્રી છાપી શકશે નહી કે છપાવવાની વ્યવસ્થા કરી શકશે નહી.

આગામી જિલ્લા-તાલુકા પંચાયત તથા નગરપાલીકાની સામાન્ય પેટા ચુંટણીઓ અંતર્ગત મહેસાણા જિલ્લામાં ચૂંટણી હેઠળના વિસ્તારમાં (નગરપાલિકા ખેરાલુ, વડનગર અને ૨૬-મલેકપુર (ખે) જિલ્લા પંચાયત મતદાર મંડળ તથા ૬-ડભોડા-૨, ૭-ડાલીસણા, ૧૦-કુડા જુથ, ૯-મોલીપુર, ૧૪-કુકરવાડા-૧, ૬-જોટાણા-૨, ૧૧-મરતોલી, ૩-અગોલ, ૨૨-નાનીકડી તાલુકા પંચાયત મતદાર મંડળ) આ બાબતેની કાર્યરીતિનું સંબંધકર્તા તમામે પાલન કરીને અમલવારી કરવાનું જરૂરી બને છે. આથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણાશ્રી જસવંત કે. જેગોડાએ મહેસાણા જિલ્લામાં આવેલ મુદ્રણાલયોના મુદ્રકોને આ આદેશની જોગવાઈઓ મુજબ આ મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવા હુકમ ફરમાવ્યો છે.

(૧) કલમ-૧૨૭ (ક) (૧) ની જોગવાઈ મુજબ, ચૂંટણીને લગતા ચોપાનીયા, ભીતપત્રો કે અન્ય સામગ્રીનું છાપકામ કરવામાં આવે ત્યારે મુદક પંક્તિમાં મુદક અને પ્રકાશકના નામ અને સરનામા સ્પષ્ટપણે અવશ્ય દર્શાવવા. (૨) ચૂંટણી સંબંધી કોઈપણ ચોપાનીપાં, અથવા ભીંતપત્રો કે અન્ય સામગ્રીનું મુદ્રણ હાથ ધરતાં પહેલાં કલમ-૧૨૭(ક) (૨) ની જોગવાઈઓ મુજબ મુદકે રાજય ચુંટણી આયોગ ધ્વારા નકકી થયેલા જોડાણ-'ક, "મુજબના ઠરેલ નમુનામાં પ્રકાશક પાસેથી એકરારપત્ર બે નકલમાં મેળવવાના રહેશે. અને આ એકરારપત્ર ઉપર પ્રકાશકની તેમજ પ્રકાશકને અંગત રીતે ઓળખતી હોય તેવી બે વ્યકિતની શાખ તરીકે સહીઓ કરવાની રહેશે. મુદકે પણ તે અધિકૃત કર્યા બદલ તેમાં સહી કરવી. (૩) મુદકે છાપેલા ચુંટણીને લગતા " ચોપાનીયા અથવા ભીંતપત્રો " બાબતમાં નીચેની વિગતો તેના મુદ્રણના ત્રણ દિવસની અંદર સંયુક્ત રીતે નહીં પરંતુ અલગ અલગ રીતે કલેક્ટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ કચેરી, મહેસાણાની ફોજદારી શાખાને મોકલી આપવી.(અ) જોડાણ-'ક' મુજબ પ્રકાશક પાસેથી મળેલ અને અધિકૃત કરાયેલ એકરારપત્રની એક નકલ.(બ) મુદ્રિત સામગ્રીની ત્રણ નકલો. (ક) જોડાણ'ખ " માં મુદકે છાપેલ મુદ્દણને લગતી માહિતી ભરીને મુદક તે સહી કરીને અધિકૃત કરી આપવી. વધુમાં એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવે છે કે, ચૂંટણીને લગતુ × ચોપાનીયુ અથવા ભીતપત્ર× એટલે ઉમેદવાર કે ઉમેદવારના જુથનીચૂંટણીની તકો વધારવા કે તેને પ્રતિકૂળ અસર પહોંચાડવા માટે વહેંચવામાં આવેલ કાંઈ છાપેલુ ચોપાનીયુ કે હેન્ડબીલ અથવા બીજુ, ત્રીજુ લખાણ અથવા ચૂંટણીને લગતુ ભીતપત્ર એવો અર્થે થાય છે. તેમજ, કલમ-૧૨૭(ક) ની જોગવાઈ અને આયોગની ઉક્ત સુચનાઓના કોઈપણ ઉલ્લંઘનને ખૂબ ગંભીરતાથી જોવામાં આવશે અને યોગ્ય કેસોમાં રાજયના પ્રવર્તમાન કાયદા અન્વયે મુદણાલયનું લાયસન્સ/રજીસ્ટેશન પણ રદ કરવા જેવા કડક પગલાં લેવામાં આવશે. વધુમાં આ અંગેનો ભંગ થયેથી કલમ-૧૨૭(ક) (૪) ની જોગવાઈ મુજબ છ માસ સુધીની કેદની અથવા રૂા. ૨૦૦૦/- સુધીના દંડની અથવા બંને શિક્ષાઓને પાત્ર ગુનો બનતો હોઈ આ જોગવાઈ મુજબ મુદણાલયની સામે યોગ્ય જણાયે કાનુની પગલાં ભરવાની કાર્યવાહી કરવાને પાત્ર થશે

આ જાહેરનામું ચૂંટણી પ્રક્રિયા પુરી થવાની તા.૨૧/૦૨/૨૦૨૫ ૨૪:૦૦ કલાક સુધીના સમય માટે અમલમાં રહેશે એમ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણાશ્રી જસવંત કે. જેગોડાએ ફરમાવેલ છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વિસનગરના વાલમ સી.આર. સી કો ઓર્ડીનેટરનું સન્માન કરવામાં આવ્યું



(ગરવી તાકાત) હેસાણા તા.૨૮

૭૬ મા પ્રજાસતાક દિન નિમિતે વિસનગર તાલુકાની ગણેશપુરા.પું. પ્રા. શાળામાં શિક્ષક તરીકે ની ફરજ બજાવતા શ્રી દિપકભાઈ ચૌધરી કે જેઓ સી. આર. સી. કો. ઓર્ડીનેટર તરીકે ની વિશેષ પદવી મેળવવા બદલ શાળા પરિવાર દ્વારા તેમનું સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

### ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સાંસ્કૃતિક વડનગર કાર્યક્રમ યોજાયો




(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

૨૫ જાન્યુઆરીએ વડનગર ખાતે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ચાલી રહેલા 'સાંસ્કૃતિક શનિવાર જ વડનગર' કાર્યક્રમમાં અનર્ત પ્રદેશની સમૃદ્ધ અને વૈવિધ્યસભર કળાઓને અને વારસાને પ્રદર્શિત કરવામા આવી હતી. આ કાર્યક્રમ હેઠળ તાના રીરી થીમ પાર્ક ખાતે સારંગી વાદન, કથક અને બાળ કલાકાર દ્વારા શિવ તાંડવની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ૧૩૦ જેટલા વિવિધ કોલેજના વિદ્યાર્થીઓ, અધ્યાપકો, નિહારિકા ફોટોગ્રાફી કલબના ફોટોગ્રાફ્સ અને અન્ય વ્યાવસાયિકોએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમના ભાગરૂપે, વિદ્યાર્થીઓએ હેરિટેજ યાત્રામાં ભાગ લીધો, જેના દ્વારા તેમણે પ્રદેશની સાંસ્કૃતિક ધરોહરની ઊંડાણપૂર્વક સમજણ મેળવી હતી. આ કાર્યક્રમની વ્યવસ્થાપનનું કાર્ય અતુલ્ય વારસોએ કર્યું હતું.

### થરા પ્રાથમિક શાળા નં.૧ અને ૨ ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી



(ગરવી તાકાત) થરા તા.૨૮

કાંકરેજ તાલુકાના થરા પ્રાથમિક શાળા નં.૧ અને ૨ ખાતે ૭૬મા પ્રજાસત્તાક દિનની દબ દબાભેર ઉજવણી થરા પ્રાથમિક શાળા નં.૧ ખાતે ભૂતપૂર્વ વિધાર્થીની હિરલબેન દિલીપભાઈ રાજગોર ના હસ્તે તથા થરા પ્રાથમિક શાળા નં.૧ ખાતે પાલીકા શાસક પક્ષના નેતા પૃથ્વીરાજસિંહ વાઘેલાના હસ્તે ત્રિરંગો લહેરાવી કરવામાં આવેલ.શાળાના ભૂતપૂર્વ આચાર્યો શિક્ષકો વી.ડી.જોષી, એફ.ડી.જોષી, બી.ડી.જોષી પી.ડી.રાઠોડ, મંજુલાબેન જોષી,બી.એન.જોષી, વિમલા બેન ઠક્કર, આર.એન.પટેલનું શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ રાષ્ટ્રિય પર્વે બાળકો દ્વારા સુંદર મજાના દેશ ભક્તિના કાર્યક્રમો રજુ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પાલિકા પૂર્વ પ્રમુખ વિનોદજી ઠાકોર, ભરત ભાઈ ધાણધારા, રાકેશભાઈ શાહ,આચાર્ય રમેશભાઈ ત્રિવેદી, બિંદેશ્વરીદેવી શાળાનો સમગ્ર સ્ટાફ ગણ હાજર રહી પ્રજાસત્તાક દિનના કાર્યકમને સફળ બનાવ્યો હતો.

### ગુમ થનારની માહિતી મળે પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી

(ગરવી તાકાત) મહેસાણા તા.૨૮

મહેસાણા તાલુકા પોલીસ સ્ટેશન માં જાણવા જોગ તા.૧૮/૦૧/૨૦૨૫ ૬-૧૩/૦૦ વાગ્યાના કામે ખબર આપનાર જીતેન્દ્ર બાબુભાઈ છગનભાઈ જાતે-રાવળ ઉંમર ૩૯,ધંધો ખાનગી નોકરી,પાંચોટ રાવળવાસ તા.જી. મહેસાણની દિકરી નામે પ્રિયાંશીબેન જીતેન્દ્રકુમાર બાબુભાઈ જાતે- સાવણ ઉંમર.૧૯ વર્ષ રહે. પાંચોટ રાવળવાસ તા.જી.મહેસાણા નાઓ ગઈ તા.૧૪/૦૧/૨૦૨૫ ના રોજ સવારના દશેક વાગ્યાના સુમારે ઘરેથી દઈણુ દળાવવા ઘંટીએ જવાનું કહી નીકળેલ અને મોડે સુધી ઘરે પરત આવેલ નથી અને ખબર આપનારની દિકરી જે ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરેલ છે. જે ગુજરાતી ,હિન્દી, ભાષા જાણે છે. જે શરીરે મધ્યમ બાંધાની છે રંગે ઘઉવર્ણની છે જે પાંચ ફુટની છે જેણે બદનમાં આછા ગુલાબી કલરનો ડ્રેસ પહેરેલ હતો.તો આ ગુમ થનારની માહિતી મળે પોલીસ સ્ટેશન એ જણાવવા પોલીસ કન્સપેક્ટર શ્રી મહેસાણ તાલુકા પોલીસ સ્ટેશન(વિપુલકુમાર એમ.)અ.હેડ કોન્સટેબલ ની અખબારી યાદીમાં જણાવ્યું છે.

Volume : 10 Issue : 297 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002